પંચકર્મ - અગ્નિકર્મ - વેધનકર્મ - મર્મ:રૂહ - (પીડન) ચિકિત્સા
સંધિવાત - પેરાલીસીસ - કેન્સર - ડાયાબીટીસ - કિડનીના રોગો
વૈદ્યરત્નમ્ સંદિપ પટેલ || આયુર્વેદ વૈદ્ય શાળા ||
નિરામય આયુર્વેદિક હોસ્પિટલ
www.niramayayurveda.com
રી-સર્ચ ફોર આયુર્વેદા
ઘૂંટણનો દુઃખાવો
ઘૂંટણ ના ઘસારા Osteoarthritis
DTRT · ઉપનાહ સ્વેદન · લેપન · વેદ્યાગ્નિકર્મ · પંચકર્મ
EKLપંચકર્મ · પટ્ટબંધન · અગ્નિકર્મ · ક્ષારકર્મ · વેધનકર્મ (વિદ્ધકર્મ)
ઘૂંટણ, મણકાની ગાદી કે દબાયેલી નસોના ઓપરેશન પહેલા અચૂક મળો
સુરત 'પ્રતિક હાઉસ', ૧/૯૩૪, અડાગરા સ્ટ્રીટ, અથુગરા સ્ટ્રીટ રોડ, ખુરશેદ બેકરી સામે, નાનપુરા, સુરત. Ph.: (0261) 2470875, Mo.: 75748 61856
ભરૂચ એ/૨૨, અમરદીપ કોમ્પલેક્ષ, ફલશ્રુતિનગર, એસ.ટી.ડેપો પાસે, ભરૂચ. Mo.: 75748 61866
બારડોલી અસ્તાન જીન કમ્પાઉન્ડ, સુગર ફેક્ટરી-અસ્તાન રોડ, બારડોલી. Mo.: 75748 61853

# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા

શું આપની ટાંકી ઉભરાય છે?
શું આપની ટાંકી ખાલી થઈ જાય છે?
ઓટોમેટીક સ્વીચ લગાવો જે મોટર ને ઓટોમેટીક ચાલુ-બંધ કરે છે.
અમર ઈલેક્ટ્રોનીક કન્ટ્રોલ્સ
૫, દરીયા મહેલ એપાર્ટમેન્ટ, સુરત મહાનગરપાલિકા સામે, મુગલીસરા,સુરત.
ફોન : 2429322 મો : 9824059872

માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ શ્રાવણ વદ છઠ બુધવાર ૨ સપ્ટેમ્બર, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૬૫

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦

# CJP આંદોલનકારીઓ સામેની તમામ FIR સુપ્રીમે રદ કરી

## કોમર્શિયલ LPG અને એવિએશન ફ્યુઅલમાં ભાવવધારો

**એટીએફમાં** 5.46% અને કોમર્શિયલ સિલિન્ડરમાં 9.50નો વધારો

નવી દિલ્હી, તા. 1 (પીટીઆઈ): આંતરરાષ્ટ્રીય સ્તરે કિંમતોમાં થયેલા વધારાને ધ્યાનમાં રાખીને સરકારી તેલ કંપનીઓએ મંગળવારે વિમાન ઈંધણ (ATF) અને વાણિજ્યિક (કોમર્શિયલ) LPG સિલિન્ડરના ભાવમાં વધારો જાહેર કર્યો છે.

સ્થાનિક એરલાઈન્સ માટે જેટ ફ્યુઅલ અથવા ATFની કિંમતમાં પ્રતિ લીટર રૂ. 6.28 એટલે કે 5.46 ટકાનો વધારો કરવામાં આવ્યો છે, જેનાથી હવે નવી કિંમત વધીને રૂ. 121.28 પ્રતિ લીટર થઈ ગઈ છે. અગાઉ 1 ઓગસ્ટે પણ એટીએફના ભાવમાં પ્રતિ લીટર રૂ. 5નો વધારો કરાયો હતો. સતત બે વખત થયેલા આ ભાવવધારાથી એરલાઈન્સ કંપનીઓ પર નાણાકીય બોજ વધશે, કારણ કે વિમાન કંપનીઓના ઓપરેટિંગ ખર્ચમાં ATFનો હિસ્સો 40 ટકા જેટલો હોય છે.

આ ઉપરાંત, હોટલ અને રેસ્ટોરન્ટ જેવા વ્યવસાયિક એકમોમાં વપરાતા 19 કિલોના કોમર્શિયલ LPG સિલિન્ડરના ભાવમાં રૂ. 9.50નો વધારો થયો છે, જેથી તેનો ભાવ હવે પ્રતિ સિલિન્ડર રૂ. 2738થી વધીને રૂ. 2747.50 થયો છે. સાથે જ 5 કિલોના એફટીએલ (FTL) કૂકિંગ ગેસ સિલિન્ડરની કિંમત પણ રૂ. 762થી વધીને રૂ. 764 થઈ છે. આ અગાઉ જુલાઈ અને ઓગસ્ટ મહિનામાં કોમર્શિયલ LPGના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો હતો.

બીજી તરફ, સામાન્ય ઘરોમાં વપરાતા 14.2 કિલોના ઘરેલું LPG સિલિન્ડરનો ભાવ રૂ. 942 પર યથાવત રાખવામાં આવ્યો છે, તેમાં કોઈ ફેરફાર કરાયો નથી. પેટ્રોલ અને ડીઝલના ભાવમાં પણ કોઈ ફેરફાર થયો નથી અને તે પણ સ્થિર રહ્યા છે. ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય બેન્ચમાર્ક દરો અને વિદેશી મુદ્રા વિનિમય દરના આધારે દર મહિનાની પહેલી તારીખે ATF અને LPGની કિંમતોમાં સુધારો કરવામાં આવે છે, જે સ્થાનિક ટેક્સ (VAT)ના કારણે રાજ્યવાર અલગ-અલગ હોય છે.

**નીટ** પેપર લીકના કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને ત્રણ મહિનામાં વળતર આપવા પણ કેન્દ્રને આદેશ

**સુપ્રીમ** કોર્ટના આદેશ પછી CJPએ પાંચમીએ દિલ્હીમાં યોજનાર વિરોધ કૂચ રદ કરી

**સુપ્રીમ** કોર્ટના આદેશને કેન્દ્ર સરકારે પણ આવકાર્યો

નવી દિલ્હી, તા. 1(પીટીઆઈ): સુપ્રીમ કોર્ટે મંગળવારે 20થી 25 જુલાઈ દરમિયાન દેશભરમાં 'કોકરોચ જનતા પાર્ટી'(CJP)ના નેતૃત્વમાં થયેલા વિરોધ પ્રદર્શનોમાં ભાગ લેનારા વિદ્યાર્થીઓ સામે નોંધાયેલી તમામ એફઆઈઆર રદ કરી દીધી છે અને જણાવ્યું છે કે આ કેસો તેમના ભવિષ્યને અસર કરશે નહીં. આ આદેશ બાદ, આ જૂથે રાષ્ટ્રીય રાજધાનીમાં 5 સપ્ટેમ્બરે યોજાનારી કૂચ રદ કરી દીધી છે.

ભારતના મુખ્ય ન્યાયાધીશ સૂર્ય કાંતની અધ્યક્ષતાવાળી બેન્ચે કેન્દ્ર સરકારને નીટ પેપર લીકના કારણે આત્મહત્યા કરનારા વિદ્યાર્થીઓના પરિવારોને ત્રણ મહિનાની અંદર વળતર આપવાનો પણ નિર્દેશ આપ્યો છે. સર્વોચ્ચ અદાલતના આ નિર્ણયનું સ્વાગત કરતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે દેશના યુવાનોનું કલ્યાણ અને પ્રગતિ સરકારની સર્વોચ્ચ પ્રાથમિકતા છે.

તેમણે ભારપૂર્વક જણાવ્યું કે વિરોધ પ્રદર્શનમાં ભાગ લેનારાઓ સામે નોંધાયેલી તમામ એફઆઈઆર પાછી ખેંચી લેવામાં આવશે અને તેમની સામે કોઈ સખત કાર્યવાહી કરવામાં આવશે નહીં. કેન્દ્રની વિનંતી પર પ્રદર્શનકારીઓ સામેની ફોજદારી કાર્યવાહી બંધ કરતા કોર્ટે કહ્યું, યુવાન

...અનુસંધાન પાના 11 પર

### દીપ્કેએ ચુકાદાને આવકાર્યો, જનતાની જીત ગણાવી

છત્રપતિ સંભાજીનગર, ૧ સપ્ટેમ્બર(પીટીઆઈ): સંપૂર્ણ ન્યાય મળ્યો હોવાની ઘોષણા કરતા, કોકરોચ જનતા પાર્ટી (CJP) એ મંગળવારે ૫ સપ્ટેમ્બરે યોજાનારી તેની વિરોધ કૂચ રદ કરવાની જાહેરાત કરી છે. અહીં પત્રકારો સાથે વાત કરતા CJP સંયોજક અભિજીત દીપકે સર્વોચ્ચ અદાલતના નિર્દેશને આવકારતા કહ્યું કે આ નિર્ણયથી આખરે એ તમામ વિદ્યાર્થીઓ અને નાગરિકોને ન્યાય મળ્યો છે જેમણે વિરોધ નોંધાવવા માટે શેરીઓમાં ઉતરીને અને સોશિયલ મીડિયા પર અવાજ ઉઠાવ્યો હતો. સુપ્રીમ કોર્ટના ચુકાદા બાદ, CJPએ રાષ્ટ્રીય રાજધાનીમાં તેની પ્રસ્તાવિત 'શિક્ષક દિન' પ્રદર્શન રદ કરી દીધું છે. આ પ્રદર્શન ૨૫ જુલાઈના રોજ તેના ૩૬ દિવસના આંદોલનના અંત પછી સરકાર દ્વારા આપવામાં આવેલા વચનો પૂરા કરવાની માંગ માટે આયોજિત કરવામાં આવી રહ્યું હતું. અમે આ કૂચ પાછી ખેંચી રહ્યા છીએ કારણ કે અમારી તમામ માંગણીઓ પૂરી થઈ ગઈ છે. સંપૂર્ણ ન્યાય મળ્યો છે... આપણને એક મહિનો લાગ્યો, પરંતુ સાચા અર્થમાં આ આંદોલન સફળ રહ્યું છે, એમ દીપ્કેએ કહ્યું. સર્વોચ્ચ અદાલતનો આભાર માનતા, દીપકે આ પરિણામ તેમના સતત સમર્થન માટે જનતાને સમર્પિત કર્યું હતું. આ વિરોધ પ્રદર્શન દરમિયાન માત્ર જંતર-મંતર પર જ નહીં, પરંતુ સમગ્ર દેશમાં રસ્તા પર ઉતરેલા દરેક વ્યક્તિની જીત છે. સોશિયલ મીડિયા પર પોતાનો અવાજ ઉઠાવનાર અથવા વોટ્સએપ પર સ્ટોરી પોસ્ટ કરનાર દરેક વ્યક્તિની આ જીત છે. જો તમે બધાએ તમારો અવાજ ન ઉઠાવ્યો હોત, તો મને નથી લાગતું કે આ શક્ય બન્યું હોત," એમ તેમણે કહ્યું હતું. શોકગ્રસ્ત પરિવારોની માફી માંગતા દીપકે યુવાનોના મોત માટે સરકારની પ્રણાલીગત નિષ્ફળતાને જવાબદાર

...અનુસંધાન પાના 11 પર



## મોદી-પુતિન-જિનપિંગની ત્રિપુટી

**ગ્રુપ** ફોટો પહેલા મોદી, પુતિન અને શી જિનપિંગ વચ્ચે 1.5 મિનિટ સુધી ચર્ચા; વૈશ્વિક મંચ પર ત્રણેય નેતાઓએ જોડી સાંકળ

બિશ્કેક, તા. ૧: મંગળવારે બિશ્કેકમાં ૨૬મી શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO) સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી, રશિયન પ્રમુખ વ્લાદિમીર પુતિન અને ચીની પ્રમુખ ઝી જિનપિંગે સૌહાર્દપૂર્ણ ક્ષણ શેર કરી હતી, જેમાં ત્રણેય નેતાઓ સ્મિત કરતા અને એકબીજા સાથે હાથ મિલાવીને સાંકળ બનાવતા જોવા મળ્યા હતા.

આ ક્ષણ ત્યારે કેમેરામાં કેદ થઈ હતી જ્યારે SCO નેતાઓ વાર્ષિક સમિટની એક પરંપરાગત વિશેષતા સમાન વિધિવત સમૂહ તસવીર માટે એકઠા થયા હતા. ક્રેમલિન પૂલ દ્વારા પોસ્ટ કરવામાં આવેલા એક વિડિયોમાં વડાપ્રધાન અને બંને પ્રમુખો હાથ પકડીને એક ટૂંકા પરંતુ આકર્ષક આત્મીયતાના પ્રદર્શનમાં મુસ્કુરાતા જોવા મળ્યા હતા. ક્રેમલિન પૂલે આ વિડિયો કેપ્શન સાથે શેર કર્યો હતો: "વ્યૂહાત્મક સંરેખણ: રશિયા-ઈન્ડિયા-ચાઈના." સોમવારે વડાપ્રધાન મોદી અને પુતિન વચ્ચે દ્વિપક્ષીય બેઠક યોજાઈ હતી, પરંતુ

...અનુસંધાન પાના 11 પર




### વિવાદાસ્પદ રાજસ્થાન હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ રજા પર ઉતરી ગયા

સુપ્રીમ કોર્ટે આખરે રાજસ્થાનના રહેવાસી એવા સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશ અને રાજ્ય હાઈકોર્ટના કાર્યકારી ચીફ જસ્ટિસ વચ્ચેના ચાલતા વિવાદને ઉકેલવા હસ્તક્ષેપ કર્યો છે. સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશે કાર્યકારી ચીફ જસ્ટિસ સામેના કથિત પ્રતિકૂળ અહેવાલોને પગલે તેમની સામે પગલાં લેવા અથવા બદલી કરવાની માંગ કરી હતી. એક મહત્વપૂર્ણ પગલામાં, સુપ્રીમ કોર્ટ કોલેજિયમે સોમવારે છત્તીસગઢ હાઈકોર્ટના જજ સંજય કે. અગ્રવાલને રાજસ્થાન હાઈકોર્ટના ચીફ જસ્ટિસ તરીકે નિયુક્ત કરવાની ભલામણ કરી છે. આ નિર્ણય રાજસ્થાન હાઈકોર્ટના 'વિવાદાસ્પદ' કાર્યકારી ચીફ જસ્ટિસ સંજીવ પ્રકાશ શર્મા રજા પર ઉતરી ગયા તેના એક કલાકની અંદર જ આવ્યો હતો. ભારતના મુખ્ય ન્યાયાધીશ (સીજેઆઈ) સૂર્યકાંતની આગેવાની હેઠળના સુપ્રીમ કોર્ટ કોલેજિયમે જસ્ટિસ શર્મા સામેના આરોપોની શ્રેણીને ધ્યાનમાં રાખીને આ નિર્ણય લીધો હતો.

જાણવા મળ્યું છે કે, જસ્ટિસ શર્માને રજા પર ઉતરી જવાનું કહેવાનો કોઈ ઔપચારિક નિર્ણય લેવાયો ન હતો, પરંતુ કોલેજિયમ પાછળથી તેમની સામેના આરોપોની તપાસ કરશે. આ ઘટનાક્રમ સુપ્રીમ કોર્ટના

...અનુસંધાન પાના 11 પર

## ઓગસ્ટમાં GST કલેક્શન રૂ. 2 લાખ કરોડને સ્પર્શ્યું

**વાર્ષિક** ધોરણે 14.8%નો મોટો ઉછાળો

**મજબૂત** સ્થાનિક વ્યવહારો ઉપરાંત ઉંચી આયાતની પણ અસર

**પ્રતિકૂળ** પવનો છતાં બીજા ક્વાર્ટરમાં પણ આર્થિક પ્રવૃતિઓ અને વપરાશ મજબૂત રહ્યા હોવાનો સંકેત

નવી દિલ્હી, તા. ૧(PTI): સ્થાનિક વ્યવહારો તેમજ આયાતને કારણે ઓગસ્ટ મહિનામાં ગ્રોસ GST કલેક્શન વાર્ષિક ધોરણે ૧૪.૮ ટકા વધીને લગભગ રૂ. ૨ લાખ કરોડ થયું છે. ઓગસ્ટના GST કલેક્શનના આ આંકડા, નાણાકીય વર્ષ ૨૭ ના જૂન ક્વાર્ટરમાં જીડીપીમાં ૭.૮ ટકાની વૃદ્ધિ દર્શાવતા સત્તાવાર ડેટાના એક દિવસ પછી આવ્યા છે. આ દર્શાવે છે કે ટેરિફના પ્રતિકૂળ પવનો અને પશ્ચિમ એશિયા સંકટ છતાં બીજા ક્વાર્ટરમાં પણ આર્થિક પ્રવૃત્તિ અને વપરાશ મજબૂત રહ્યા છે. સ્થાનિક વ્યવહારોમાંથી આવક ૯.૩ ટકા વધીને રૂ. ૧.૩૭ લાખ કરોડથી વધુ થઈ છે, જ્યારે આયાતમાંથી મળતી આવક ૨૯ ટકા ઉછળીને રૂ. ૬૨,૬૦૪ કરોડ થઈ છે. આ સાથે, ઓગસ્ટ દરમિયાન ગ્રોસ ગૂડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ(GST)ની આવક રૂ. ૧,૯૯,૮૫૩ કરોડ રહી છે. ઓગસ્ટ દરમિયાન ગ્રોસ સેન્ટ્રલ GST કલેક્શન રૂ. ૩૮,૪૧૩ કરોડ, સ્ટેટ GST રૂ. ૪૬,૩૧૬ કરોડ અને ઈન્ટીગ્રેટેડ GST રૂ. ૧.૧૫ લાખ કરોડથી વધુ રહ્યું હતું. ઓગસ્ટ દરમિયાન રિફંડ ૬૮ ટકા વધીને રૂ. ૩૧,૭૯૫ કરોડ થયું હતું. મહિના દરમિયાન નેટ GST કલેક્શન રૂ. ૧.૬૮ લાખ કરોડ રહ્યું હતું, જે વાર્ષિક ધોરણે ૮.૩ ટકાની વૃદ્ધિ દર્શાવે છે.

ઈવાય ઈન્ડિયાના ટેક્સ પાર્ટનર સૌરભ અગ્રવાલે જણાવ્યું હતું કે GST કલેક્શન ભારતીય અર્થતંત્રની મૂળભૂત મજબૂતીને રેખાંકિત કરે છે, જે સતત વપરાશ અને સુધરતા અનુપાલનને પ્રતિબિંબિત કરે છે. તેટલું જ પ્રોત્સાહક અરુણાચલ પ્રદેશ, નાગાલેન્ડ, મિઝોરમ, અસમ, છત્તીસગઢ, લડાખ અને અંદમાન અને નિકોબાર જેવા રાજ્યોમાંથી કલેક્શનમાં થયેલો સુધારો છે - આ એક એવો ટ્રેન્ડ છે જે પરંપરાગત ઔદ્યોગિક કેન્દ્રોથી આગળ વધીને આર્થિક પ્રવૃત્તિના વિસ્તરણને દર્શાવે છે અને વધુ સર્વસમાવેશી, ભૌગોલિક રીતે સંતુલિત વિકાસ તરફ ઈશારો કરે છે. અગ્રવાલે જણાવ્યું હતું કે, આગળ જોતાં, તહેવારોની સિઝન નજીક આવી રહી હોવાથી, ગ્રાહકોના વધતા ખર્ચના ટેકાથી આગામી બે મહિનામાં મહેસૂલ કલેક્શન ઉંચા સ્તરે જવાની શક્યતા છે.

## SCO સમિટના ગ્રુપ ફોટોમાંથી પાકિસ્તાને મોદીનો ફોટો ક્રોપ કર્યો

**ઈરાનના** રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાન સહિત કુલ 6 વૈશ્વિક નેતાઓના ફોટા કાપી નાખ્યા જેથી શરીફ વચ્ચે દેખાય

**ભારતે** સાચો ફોટો જાહેર કર્યો

**સોશિયલ** મીડિયા પર વિરોધ થતાં 6 કલાક પછી પાકિસ્તાને ભૂલ સુધારી



નવી દિલ્હી, તા. 1: કિર્ગિઝસ્તાનના બિશ્કેકમાં યોજાયેલા શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન (SCO) શિખર સંમેલન 2026 દરમિયાન પાકિસ્તાનના વડા પ્રધાન કાર્યાલય (PMO) દ્વારા સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવેલા એક ગ્રુપ ફોટોથી મોટો વિવાદ ઊભો થયો છે. પાકિસ્તાન PMOએ ઓફિશિયલ ગ્રુપ ફોટોને ક્રોપ અને એડિટ કરીને વડા પ્રધાન નરેન્દ્ર મોદી તેમજ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાન સહિત કુલ 6 વૈશ્વિક નેતાઓના ફોટા હટાવી દીધા હતા. આ ક્રોપ કરેલી તસવીરમાં પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફને કેન્દ્રમાં દર્શાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

પાકિસ્તાનની આ હરકત બાદ સોશિયલ મીડિયા પર ભારે ટ્રોલિંગ અને આકરી ટીકા શરૂ થઈ હતી. બીજી તરફ, પીએમ નરેન્દ્ર મોદી અને ભારતીય વડા પ્રધાન કાર્યાલય દ્વારા મૂળ અને સંપૂર્ણ ગ્રુપ ફોટો શેર કરવામાં આવ્યો હતો, જેમાં શહબાઝ શરીફ સહિત તમામ નેતાઓ સ્પષ્ટ દેખાતા હતા. ભારે વિવાદ અને વિરોધ બાદ આશરે 6 કલાક પછી પાકિસ્તાન PMO એ પોતાના ઓફિશિયલ એક્સ હેન્ડલ પર પીએમ મોદી સહિતના નેતાઓ ધરાવતી મૂળ ફોટો શેર કરવી પડી હતી.

મૂળ તસવીરમાંથી ક્રોપ કરાયેલા નેતાઓમાં SCO મંત્રી નૂરલાન યરમેકબાયેવ, બેલારૂસના રાષ્ટ્રપતિ અલેક્ઝેન્ડર લુકાશેન્કો, ભારતના પીએમ નરેન્દ્ર મોદી, ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પઝેશકિયાન, કઝાકિસ્તાનના રાષ્ટ્રપતિ કાસિમ તોકાયેવ અને મંગોલિયાના રાષ્ટ્રપતિ ઉખનાગીન ખુરલસુખ શામેલ હતા. સમિટ દરમિયાન પીએમ મોદીએ આતંકવાદ સામે કડક વલણ અપનાવતા કહ્યું હતું કે આતંકવાદ સામે લડવામાં કોઈ પણ પ્રકારના 'બેવડા ધોરણો' ન હોવા જોઈએ અને તેને પોષતા દેશો સામે સખત કાર્યવાહી થવી જોઈએ.

## 5 દિવસ બેંકિંગ અને અન્ય મુદ્દાઓને લઈને બેંક યુનિયનોની ૧૧ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળ

**યુનિયનોની** માંગણીઓ સંતોષાશે નહીં તો ૨૬ ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળની ચીમકી

નવી દિલ્હી, તા. ૧ (PTI) ૫-દિવસીય બેંકિંગ લાગુ કરવામાં વિલંબ, પરફોર્મન્સ-લિંક્ડ ઈન્સેન્ટિવ (પીએલઆઈ) યોજના અંગેના મતભેદો અને પેન્શન સંબંધિત મુદ્દાઓ સહિતની કેટલીક બાકી માંગણીઓને લઈને યુનાઈટેડ ફોરમ ઓફ બેંક યુનિયન્સ (યુએફબીયુ)એ ૧૧ સપ્ટેમ્બરે દેશવ્યાપી હડતાળ પર જવાનો નિર્ણય લીધો છે. જો આ હડતાળ થશે તો દેશના ઘણા ભાગોમાં બેંકિંગ સેવાઓ, ખાસ કરીને જાહેર ક્ષેત્રની બેંકો ચાર દિવસ માટે પ્રભાવિત થશે. ૧૧ સપ્ટેમ્બર શુક્રવાર છે, અને ત્યાર પછીના બે દિવસ બેંક રજાઓ છે. ૧૪ સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી નિમિત્તે કેટલાક રાજ્યોમાં રજા છે.

યુએફબીયુ, જે બેંક કર્મચારીઓ અને અધિકારીઓના સાત યુનિયનોનું સંગઠન છે, તેમણે ૨૮ સપ્ટેમ્બરથી શરૂ થતી ત્રણ દિવસની દેશવ્યાપી હડતાળની પણ ચીમકી આપી છે, જે અર્ધવાર્ષિક બંધ સાથે સુસંગત છે. જો તેમની માંગણીઓ સરકાર અને બેંક-મેનેજમેન્ટના બહેરા કાને અથડાશે તો તેઓએ ૨૬ ઓક્ટોબરથી અનિશ્ચિત મુદતની હડતાળ પર જવાનો પણ નિર્ણય લીધો છે. ૫-દિવસીય બેંકિંગ અંગે, ઓલ ઈન્ડિયા બેંક ઓફિસર્સ કોન્ફેડરેશન (એઆઈબીઓસી)ના જનરલ સેક્રેટરી રૂપમ રોયે અહીં મીડિયાને સંબોધતાં જણાવ્યું હતું કે, ૮ માર્ચ, ૨૦૨૪ ના રોજ હસ્તાક્ષર કરાયેલા ૧૨મા દ્વિપક્ષીય સમાધાન/૯મી સંયુક્ત નોંધના ભાગરૂપે ઈન્ડિયન બેંક્સ એસોસિએશન (આઈબીએ) એ આ પ્રસ્તાવ સ્વીકાર્યો હતો, જે અંતર્ગત સોમવારથી શુક્રવાર સુધી કામના કલાકોમાં ૪૦ મિનિટનો વધારો કરવામાં આવશે. આ પ્રસ્તાવ બાદમાં સરકારને મોકલવામાં આવ્યો હતો, પરંતુ બે વર્ષથી વધુ સમયથી પેન્ડિંગ છે.

## આતંકવાદ સામેની લડાઈમાં બેવડા માપદંડો ફગાવી દો: મોદી

**શાહબાઝ** શરીફ અને જિનપિંગની હાજરીવાળી વાર્ષિક SCO સમિટને સંબોધતા મોદીએ પાકિસ્તાન પર આડકતરા પ્રહારો કર્યા, BRI અંગે ચીન પર પણ આડકતરા પ્રહારો

બિશ્કેક, તા. 1(PTI): વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ મંગળવારે શાંઘાઈ કોઓપરેશન ઓર્ગેનાઈઝેશન(SCO)ને આતંકવાદને રાજ્યની નીતિના હથિયાર તરીકે ઉપયોગ કરતા દેશોનો સામનો કરવા અને આતંકવાદી ફંડિંગ તેમજ ભરતી સામેની સામુહિક લડાઈમાં બેવડા માપદંડો ફગાવી દેવા આહ્વાન કર્યું હતું. તેમની આ ટિપ્પણીને પાકિસ્તાન પરના સીધા પ્રહાર તરીકે જોવામાં આવી રહી છે.

પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ, ચીનના પ્રમુખ જિનપિંગ અને અન્ય વૈશ્વિક નેતાઓની હાજરીમાં, વાર્ષિક SCO સમિટને સંબોધતા મોદીએ જણાવ્યું હતું કે, આ જૂથે આતંકવાદી ફંડિંગ, ભરતી, કટ્ટરપંથ અને સુરક્ષિત આશ્રયસ્થાનોની સમગ્ર ઈકોસિસ્ટમને નષ્ટ કરવા માટે એકજૂથ થઈને કામ કરવું જોઈએ. પશ્ચિમ એશિયા સંકટ અંગે ચિંતા વ્યક્ત કરતા મોદીએ કહ્યું કે, ભારતે સતત તમામ તણાવ અને સંઘર્ષોનો ઉકેલ યુદ્ધના મેદાનમાં નહીં પરંતુ સંવાદ અને કૂટનીતિ દ્વારા લાવવાની હિમાયત કરી છે. ચીનના 'બેલ્ટ એન્ડ રોડ ઈનિશિયેટિવ'(BRI)ના પરોક્ષ સંદર્ભમાં વડાપ્રધાને જણાવ્યું હતું કે, કનેક્ટિવિટી પ્રોજેક્ટોએ તમામ દેશોની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનું સન્માન કરવું જોઈએ, કારણ કે તે SCO ચાર્ટરની મૂળભૂત ભાવના છે. ભારત BRIનું ટીકાકાર રહ્યું છે કારણ કે તેનો એક ભાગ પાકિસ્તાન અંકુશિત કાશ્મીર(PoK)માંથી પસાર થાય છે.

જો કે, વડાપ્રધાનના સંબોધનનો મુખ્ય વિષય SCOને આતંકવાદ સામે એકજૂથ થઈને લડવા માટેનું આહ્વાન કરવાનો રહ્યો હતો. તેમની ટિપ્પણીઓ મુખ્યત્વે વિવિધ આતંકવાદી જૂથોને પાકિસ્તાનના સમર્થન તરફ લક્ષિત હોવાનું માનવામાં આવતું હતું. મોદીએ કહ્યું, આતંકવાદ સમગ્ર માનવતા માટે એક ગંભીર પડકાર બની રહ્યો છે. આતંકવાદ સામેની લડાઈમાં આપણે માત્ર 'એક્શન-રિએક્શન' સુધી મર્યાદિત ન રહી શકીએ. તેમણે ઉમેર્યું, આપણે આતંકવાદી ફંડિંગ, ભરતી, કટ્ટરપંથ અને સુરક્ષિત અડ્ડાઓની આખી ઈકોસિસ્ટમને નષ્ટ કરવી પડશે. આપણે એક અવાજે બોલવું પડશે અને સ્પષ્ટ કરવું પડશે

...અનુસંધાન પાના 11 પર

### SCO સમિટ: ગ્રુપ ફોટો સેસન વખતે શરીફનો ફજેતો



**ફોટો** સેસન પછી પુટિન પોડિયમ પરથી રવાના થતા હતા ત્યારે શાહબાઝ શરીફે હાથ પકડીને રોક્યા અને વાતચીત કરી

બિશ્કેક, તા. ૧: કિરગિઝસ્તાનના બિશ્કેકમાં મંગળવારે યોજાયેલા શાંઘાઈ સહયોગ સંગઠન(SCO) શિખર સંમેલનમાં હાજર રહેલા વિશ્વના નેતાઓ ઔપચારિક ગ્રૂપ ફોટોગ્રાફ માટે એકઠા થયા હતા. નેતાઓ જ્યારે કાર્યક્રમ માટે ભેગા થઈ રહ્યા હતા ત્યારે પાકિસ્તાનના વડાપ્રધાન શાહબાઝ શરીફને સાંકળતી હાસ્યાસ્પદ ક્ષણો સર્જાઇ હતી. ગ્રુપ ફોટો સેસન માટે નેતાઓ ફોટોગ્રાફ માટે ઊભા રહ્યા હતા. બીજી તરફ, ગ્રૂપ ફોટોગ્રાફ લેવાયા પછી તરત જ પાકિસ્તાનના વડાપ્રધાન શહબાઝ શરીફ રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિન તરફ જતાં જોવા મળ્યા હતા. પુતિન જેવા પોડિયમ પરથી દૂર જવા લાગ્યા, ત્યારે શરીફે તેમનો હાથ પકડીને તેમને રોક્યા હોય તેવું લાગ્યું હતું અને ત્યારબાદ તેમની સાથે વાતચીત શરૂ કરી હતી.

### તા. ૦૧-૦૯-૨૦૨૬નું વડોદરા શહેરનું હવામાન

| વરસાદ (૧૮.00 કલાક સુધી) | આજનો | મોસમનો |
|---|---|---|
| | 0.0 મીમી | ૫૪૯ મીમી |

| તાપમાન | મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|---|
| | ૩૪.૬ સે. | ૨૫.૬ સે. | ૫૪% |